# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

૨૩મી એપ્રિલે ગુજરાત કરશે
**"મતદાન"**

પરિપત્ર નં.૪ તા.૧૦-૪-૧૯

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ધોરણ ૧ થી ૮ના પરિણામપત્રકો ચેક કરાવવા અને પરિણામ જાહેર કરવા બાબત.

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે પોતાના બીટના સુપરવાઈઝરશ્રી પાસેથી સમય મેળવીને નીચે મુજબ પરિણામપત્રકો ચેક કરાવવાના રહેશે.

| ધોરણ | માધ્યમ | સુપરવાઈઝરશ્રી દ્વારા ચકાસણીની તારીખ |
|---|---|---|
| ૫ થી ૮ | તમામ | ૨૯-૦૪-૧૯ અને ૩૦-૦૪-૧૯ |
| ૧ અને ૨ | તમામ | ૧-૦૫-૧૯ |
| ૩ | તમામ | ૩-૦૫-૧૯ |
| ૪ | તમામ | સુપરવાઈઝરશ્રીના માર્ગદર્શનને આધારે દરેક મુખ્ય શિક્ષકશ્રીએ જાતે જ ચકાસણી કરીને પરિણામપત્રકો ચકાસવાના રહેશે. જેને તા.૪-૫-૧૯ના રોજ શાળા છુટયા પછી સુપરવાઈઝરશ્રી પાસે રજુ કરવાના રહેશે. |

- ધો.૧ થી ૮ના વિદ્યાર્થીઓનું પરિણામ <u>તા.૦૪-૦૫-૧૯</u>ના રોજ જાહેર કરવાનું રહેશે અને તે દિવસે શાળા સમય દરમિયાન વર્ગશિક્ષકે જાતે હાજર રહીને વાલી વિદ્યાર્થીને પરિણામ આપવું. પરિણામના દિવસે કોઈ વિદ્યાર્થી પરિણામ લેવા ન આવે તો તે તમામ પરિણામ મુખ્ય શિક્ષકશ્રીએ પોતાની પાસે રાખવા અને ત્યારબાદ આવનાર વાલી-વિદ્યાર્થીને આપવા.
- <u>ધો.૮ના વિદ્યાર્થીઓને આપવાનું થતું પ્રગતિપત્રક (પત્રક-F) આ સાથેના બિડાણમાં દર્શાવ્યા મુજબની આગળ પાછળ પેજની પ્રિન્ટ કાઢીને તૈયાર કરવાનું રહેશે.</u>
- આઠમાં ધોરણમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓના સ્કૂલ લીવિંગ  સર્ટી.માં કોઈપણ ભૂલ રહી ન જાય તથા છેકછાક ન થાય તે રીતે તૈયાર કરવાની જવાબદારી મુખ્ય શિક્ષકશ્રીની છે. સ્કૂલ લીવિંગ સર્ટી.જે તે વિદ્યાર્થીના વાલીના જ હાથમાં આપવું.
- ઉનાળુ વેકેશન <u>તા.૦૬-૦૫-૧૯ થી તા.૦૯-૦૬-૧૯ સુધીનું રહેશે. તા.૧૦-૬-૧૯</u>ને સોમવારથી નવું સત્ર શરૂ થશે.

બિડાણ :-  ધો.૮ માટે પત્રક-F

તા.૧૦-૦૪-૧૯

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

# શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન

## નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ

# પ્રગતિ પત્રક

## પત્રક – F

## (PROGRESS REPORT)

ધોરણ : ______________________ વર્ગ: ______________

સને : 20 / 20

શાળાનું નામ: ______________________________

વોર્ડ : ______________________ ઝોન: ______________

નામ : ______________________________

(અટક) (વિદ્યાર્થીનું નામ) (પિતાનું નામ)

સરનામું : ______________________________

______________________________

પિતા/ વાલીનું નામ : ______________________________

માતાનું નામ : ______________________________

જ.ર.નં.: ______________________ જન્મ તારીખ : ______________

સંપર્ક નંબર: ______________________________

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ
# શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન

વિદ્યાર્થીનું નામ : ____________________

ધોરણ : 8 વર્ગ: __________ હાજરી પત્રકનંબર : __________

| ક્રમ | વિષય | કુલ ગુણ | મેળવેલ ગુણ | મેળવેલ ગ્રેડ | વિષયના સંદર્ભમાં વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| 1 | માતૃભાષા | 200 | | | |
| 2 | ગણિત | 200 | | | |
| 3 | હિન્દી | 200 | | | |
| 4 | અંગ્રેજી | 200 | | | |
| 5 | વિજ્ઞાન અને ટેકનોલોજી | 200 | | | |
| 6 | સામાજિક વિજ્ઞાન | 200 | | | |
| 7 | સંસ્કૃત | 200 | | | |
| 8 | પ્રાદેશિક ભાષા | 200 | | | |
| 9 | વ્યકિતત્વ વિકાસ | 400 | | | |
| | મેળવેલ એકંદર ગુણ | | | | |

સ્થળ : __________ વાલીની સહી : __________

તારીખ: __________

સિકકો

વર્ગશિક્ષકની સહી

મુખ્યશિક્ષકની સહી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

૨૩મી એપ્રિલે ગુજરાત કરશે
"**મતદાન**"

પરિપત્ર નં.૪-A તા.૧૦-૦૪-૨૦૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે,તા.૧૧-૦૪-૨૦૧૯ થી તા.૩૦-૦૬-૨૦૧૯ સુધી શાળા સમય નીચે મુજબ રહેશે.

| ક્રમ | તારીખ | ધોરણ | ૭.૩૦ થી ૧૨.૩૦ વાળી શાળાઓનો સમય | ૧૧ થી ૫ વાળી શાળાઓનો સમય | ૧૨.૩૦ થી ૫.૩૦ વાળી શાળાઓનો સમય |
|---|---|---|---|---|---|
| ૧ | તા.૧૧-૦૪-૨૦૧૯ થી તા.૧૫-૦૪-૨૦૧૯ (વાર્ષિક પરીક્ષા દરમ્યાન) | ૫ થી ૮ | ૭.૦૦ થી ૧૧.૩૦* | ૭.૦૦ થી ૧૧.૩૦* | ૭.૦૦ થી ૧૧.૩૦* |
| | | ૧ થી ૪ | ૭.૦૦ થી ૧૧.૩૦* | ૭.૦૦ થી ૧૧.૩૦* | ૧૧.૩૦ થી ૩.૩૦ |
| ૨ | તા.૧૫-૪-૨૦૧૯ (અન્ય માધ્યમ માટે બે પ્રશ્નપત્રો હોવાને કારણે) | ૬ થી ૮ | ૭.૦૦ થી ૧૩.૩૦ | ૭.૦૦ થી ૧૩.૩૦ | ૭.૦૦ થી ૧૩.૩૦ |
| ૩ | તા.૨૯-૪-૨૦૧૯ થી તા.૪-૫-૨૦૧૯ | ૧ થી ૪ | ૭.૦૦ થી ૧૧.૩૦* | ૭.૦૦ થી ૧૧.૩૦* | ૭.૦૦ થી ૧૧.૩૦* |
| ૪ | તા.૧૬-૦૪-૨૦૧૯ થી તા.૦૪-૦૫-૨૦૧૯ | તમામ ધોરણ (લેખિત પરીક્ષા સિવાયના દિવસો દરમ્યાન ) | સોમવારથી શુક્રવાર ૭.૦૦ થી ૧૧.૩૦* શનિવાર ૭.૦૦ થી ૧૧.૦૦ | સોમવારથી શુક્રવાર ૭.૦૦ થી ૧૧.૩૦* શનિવાર ૭.૦૦ થી ૧૧.૦૦ | સોમવારથી શુક્રવાર ૧૧.૩૦ થી ૩.૩૦ શનિવાર ૧૧.૦૦ થી ૩.૦૦ |
| ૫ | તા.૦૨-૦૫-૨૦૧૯ (અન્ય માધ્યમ માટે બે પ્રશ્નપત્રો હોવાને કારણે) | અન્ય માધ્યમના ધો. ૩ થી ૪ માટે | ૭.૦૦ થી ૧૨.૩૦ | ૭.૦૦ થી ૧૨.૩૦ | ૭.૦૦ થી ૧૨.૩૦ |
| ૬ | તા.૧૦-૦૬-૨૦૧૯ થી તા. ૩૦-૦૬-૨૦૧૯ | ૧ થી ૮ | સોમવારથી શુક્રવાર ૭.૦૦ થી ૧૨.૩૦ શનિવાર ૭.૦૦ થી ૧૧.૦૦ | સોમવારથી શુક્રવાર ૭.૦૦ થી ૧૨.૩૦ શનિવાર ૭.૦૦ થી ૧૧.૦૦ | સોમવારથી શુક્રવાર ૧૨.૩૦ થી ૫.૩૦ શનિવાર ૧૧.૦૦ થી ૩.૦૦ |

* મધ્યાહ્ન ભોજનનો સમય ૧૧.૦૦ થી ૧૧.૩૦નો રાખવો.

તમામ પાળીના શિક્ષકશ્રીઓએ શાળામાં નિયમાનુંસાર શાળા સમય પહેલા આવવાનું અને શાળા સમય બાદ જવાનું રહેશે. આ અંગે એસ.એમ.સી. સભ્યશ્રીઓ, તમામ વાલીઓ તથા વિદ્યાર્થીઓને જાણ કરવાની રહેશે.

તા. ૧૦-૦૪-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

૨૩મી એપ્રિલે ગુજરાત કરશે
"**મતદાન**"

પરિપત્ર નં. ૪-B તા.૧૦-૪-૧૯

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ તા.૨૩-૪-૧૯ને મતદાનના દિવસે રજા જાહેર કરવા બાબત.

સંદર્ભ :- અમદાવાદ મ્યુનિ.કોર્પો.ના સેન્ટ્રલ ઓફિસનો પરિપત્ર નં.૦૪ તા.૯-૪-૧૯

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે તા.૨૩-૪-૧૯ને મંગળવારના રોજ લોકસભાની સામાન્ય ચૂંટણીનો મતદાનનો દિવસ હોઈ, સને ૧૮૮૧ના વટાઉખત અધિનિયમ હેઠળ આ દિવસે જાહેર રજા તરીકે જાહેર કરવામાં આવે છે. આ પરિપત્રની તમામ કર્મચારીઓને નોંધ લેવડાવવી તથા શાળાના નોટીસ બોર્ડ પર મુકવા તેમજ તમામ કર્મચારીઓને લોકજાગૃતિ અભિયાન હેઠળ જરૂર મતદાન કરે અને નાગરિકોમાં પણ જાગૃતિ લાવે તે માટે જરૂરી સૂચના આપવા જણાવવામાં આવે છે.

બિડાણ :- અમદાવાદ મ્યુનિ.કોર્પો.ના સેન્ટ્રલ ઓફિસનો પરિપત્ર નં.૦૪ તા.૯-૪-૧૯

તા. ૧૦-૦૪-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
મ્યુનિસિપલ કમિશનરશ્રીની સેન્ટ્રલ ઓફીસ
સરદાર પટેલ ભવન, દાણાપીઠ અમદાવાદ ૩૮૦૦૦૧
પરિપત્ર નં. ૦૪ તારીખ: ૦૯.૦૪.૨૦૧૯

---

વિષય : લોકસભાની સામાન્ય ચૂંટણી ૨૦૧૯ મતદાનના દિવસે રજા જાહેર કરવા બાબત

સંદર્ભ :

(1) અધિક મુખ્ય નિર્વાચન અધિકારી શ્રી (ગુજરાત રાજ્ય) નો તા.૧૪/03/૨૦૧૯ નો પત્ર ક્રમાંક ન ઇએલસી / ૧૦૧૯ / ૧૭૪૩ / છ

(2) ઉપ સચિવ શ્રી (શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ) નો તા.03.૦૪.૨૦૧૯ નો પત્ર ક્રમાંક ન ચટણ / ૧૦૨૦૧૯ / ૨૯૦૧ / પી

આથી ઝોનલ ઓફીસો સહીત તમામ ખાતાના વડા અધિકારીશ્રીઓને જણાવવામા આવે છે કે તા.૨૩/૦૪/૨૦૧૯ મંગળવારના રોજ લોકસભાની સામાન્ય ચૂંટણીના મતદાનનો દિવસ હોઈ, સને ૧૮૮૧ ના વટાઉખત અધિનિયમ હેઠળ આ દિવસે મ્યુનિસિપલ કોર્પોરેશનની તમામ કચેરીઓમાં જાહેર રજા તરીકે જાહેર કરવામાં આવે છે.

જ્યારે સફાઈ કામની, પાણીની કામગીરી સહીતની આવશ્યક સેવાઓ ચાલુ રહેશે. પરંતુ આવશ્યક સેવાઓમાં રોકાયેલા કર્મચારીઓ મતદાનનો લાભ લઈ શકે તે માટે ખાતાના અધિકારીઓએ ખાતાની સગવડતા મુજબ આવશ્યક સેવામા રોકાયેલા કર્મચારીઓને મતદાન કરવા જવા દેવા જરૂરી વ્યવસ્થા કરવી.

પરિપત્રની તમામ કર્મચારીઓને નોધ લેવડાવવી તથા ખાતાના નોટિસ બોર્ડ ઉપર મુકવા તેમજ આપના ખાતાના તમામ કર્મચારીઓને લોકજાગૃતિ અભિયાન હેઠળ મતદાનકરવા જરૂર જાય તેમજ મતદાન કરવા માટે નાગરીકોમા પણ જાગૃતિ લાવે તે માટે જરૂરી સૂચના આપવા નોધ લેશો.

સહી : વિજય નેહરા
મ્યુનિસિપલ કમિશનર

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

૨૩મી એપ્રિલે ગુજરાત કરશે
**"મતદાન"**

પરિપત્ર નં.૪-C તા.૧૦-૪-૧૯

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ધોરણ-૨ ઉપચારાત્મક કાર્યના સ્વૈચ્છિક મૂલ્યાંકન બાબત.

સંદર્ભ :- જીસીઈઆરટી/સી એન્ડ ઈ/૨૦૧૯/૯૭૧૧-૪૧ તા.૧૦-૦૪-૧૯

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે ૧૫, એપ્રિલ-૨૦૧૯ પહેલા જે શાળાઓ ધોરણ-૨ના વાંચન,લેખન,ગણનનાં પરિણામ અંગે સ્વૈચ્છિક રીતે બાહ્યમૂલ્યાંકન માટે તત્પર હોઈ તે શાળાઓમાં બાહ્યમૂલ્યાંકન કરવાનું છે. બાહ્યમૂલ્યાંકન માટે આ સાથે સામેલ બિડાણમાં આપ્યા મુજબનું પ્રમાણપત્ર તા.૧૨-૪-૧૯ના રોજ ૧૪.૦૦ કલાક સુધીમાં ઝોનકક્ષાએ મોકલી આપવાનું રહેશે.

બિડાણ :- બાહ્યમૂલ્યાંકન માટેનું પ્રમાણપત્ર

તા. ૧૦-૦૪-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

પ્રતિ,
શાસનાધિકારી સાહેબશ્રી,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
અમદાવાદ.

વિષય :- નિદાન કસોટી અંતર્ગત ધો.૨ના બાળકોનું બાહયમૂલ્યાંકન કરવા અંગે.

સવિનય સહ જણાવવાનું કે, માન. સચિવશ્રી પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય દ્વારા મોકલેલ ઓડિયો ક્લીપમાં જાહેર કર્યા મુજબ અમારી ...................... શાળા નં.... ના ધો. ૨ના કુલ .......... વિદ્યાર્થીઓ પૈકી ........ વિદ્યાર્થીઓ ગુજરાતી વિષયના ૨૫ વિધાન અને ગણિતના ૨૫ વિધાન નિયત કરેલ અધ્યયન નિષ્પતિઓ સિદ્ધ કરેલ છે. ધો.૨ના બાળકોનું ૧૫ એપ્રિલ થી ૨૦ એપ્રિલ સુધી બાહયમૂલ્યાંકન કરવામાં આવે તો અમારી શાળાના ધો.૨ના બાળકોની અપેક્ષિત શૈક્ષણિક લબ્ધિ પ્રાપ્ત થયેલ જોવા મળશે. જે અમો જાત તપાસ કરીને ખાતરીપૂર્વક જણાવીએ છીએ.

વર્ગ શિક્ષકની સહી મુખ્ય શિક્ષકની સહી/ સિક્કો

૧

૨

૩

ધો.૩માં ગણિત વિષય લેતા શિક્ષકની સહી ધો.૩માં ગુજરાતી વિષય લેતા શિક્ષકની સહી

............... શાળા નં. .....ની ધો.૨ના બાળકોની વાંચન,ગણન અને લેખનની નિદાન કસોટીના આધારે અધ્યયન નિષ્પત્તિઓ અનુસંધાને તા. ......... ના રોજ લીધેલ મુલાકાતમાં ઉપરની વિગત જણાવેલ તમામ બાળકો અપેક્ષિત લબ્ધિ ધરાવે છે.

સુપરવાઈઝર

મદદનીશ શાસનાધિકારી